# મોટા વરાછામાં 4 ગોડાઉનમાં આગ

**બે** ઇવેન્ટ અને ઓનલાઇન સેલિંગનાં ગોડાઉન સંપૂર્ણ બળીને ખાખ

### ક્યા ગોડાઉનમાં કેટલું નુકસાન થયું?

ઓક્ટા સોલાર એન્ટરપ્રાઇઝ (ગોડાઉન નં. 6 અને 7)
ટ્રેન્ડી ઇવેન્ટ્સ (ગોડાઉન નં. 08) ડેકોરેશનનો સામાન બળીગયો
સત ઇવેન્ટ્સ (ગોડાઉન નં. 09) કિંમતી સામાન ખાક
ઓનલાઇન સેલિંગ ગોડાઉન (ગોડાઉન નં. 10) સ્ટોક સળગી ગયો

સુરતઃ મોટા વરાછા વિસ્તારમાં આવેલા ગજેરા કંપાઉન્ડ ખાતે ગત રાત્રે પતરાના શેડમાં બનાવવામાં આવેલા ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી. .

ફાયર વિભાગનાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મોટા વરાછાના ગજેરા કંપાઉન્ડમાં શ્રી હરિ કેમ્પસ પાસે પતરાના શેડમાં અલગ-અલગ ગોડાઉનો બનાવવામાં આવ્યાં હતાં. આ સંકુલમાં બે ઈવેન્ટ મેનેજમેન્ટના, બે સોલાર પેનલના અને એક ઓનલાઈન સેલિંગનું ગોડાઉન આવેલું હતું. આ પૈકી એક ગોડાઉનમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં ધુમાડાના કાળા ગોટેગોટા આકાશમાં ઊંચે સુધી ફેલાઈ ગયા હતા. પતરાના શેડ અને અંદર રહેલી સામગ્રીને કારણે આગ ઝડપથી પ્રસરી હતી અને એક ગોડાઉનમાંથી શરૂ થયેલી આ આગે જોતજોતામાં કુલ પાંચ ગોડાઉનોને પોતાની ઝપેટમાં લઈ લેતાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ હતી.

ઘટના અંગે ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવતાં જ આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અલગ-અલગ 6થી 7 ફાયર સ્ટેશનની ગાડીઓને તાત્કાલિક ઘટના સ્થળે રવાના કરવામાં આવી હતી. ફાયર વિભાગના જવાનોએ ઘટના સ્થળે પહોંચી આગ આસપાસના અન્ય વિસ્તારોમાં વધુ ન પ્રસરે તે માટે ચારેય તરફથી પાણીનો સતત મારો ચલાવીને આગને કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરી હતી. આગની ચપેટમાં આવેલાં ગોડાઉનોમાંથી બે ઈવેન્ટ અને એક ઓનલાઈન સેલિંગ સાથે સંકળાયેલો કીમતી માલસામાન સંપૂર્ણપણે બળીને સ્વાહા થઈ ગયો હતો. આગ એટલી ભયાનક હતી કે ગોડાઉનમાં રાખેલો તમામ સામાન બળીને ખાખ થઈ જતાં મોટા પાયે આર્થિક નુકસાન થયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત ઉઠાવીને આશરે દોઢ કલાકની કામગીરી બાદ આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવવામાં સફળતા મેળવી હતી. જોકે, આગ લાગવાનું ચોક્કસ કારણ તેમજ થયેલા નુકસાનની સાચી રકમ તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે.



### ભરીમાતાના ગોડાઉનમાં શોર્ટ ભીષણ આગ, ધુમાડા 2 કિમી દૂર સુધી દેખાયા

ભરીમાતા રોડ પર આવેલા ભંગારના ગોડાઉનમાં ગુરુવારે અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે જવા રવાના થયો હતો. પ્રાથમિક માહિતી મુજબ ગોડાઉનમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આ અકસ્માત સર્જાયો હતો. ભંગારના ગોડાઉનમાં પ્લાસ્ટિક, વાયર, લાકડાં અને વાયર જેવી જ્વલનશીલ વસ્તુઓનો મોટો જથ્થો સંગ્રહિત હોવાથી આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગના ધૂમાડા 2 કિલોમીટર દૂર સુધી દેખાયા હતા. આગ એટલી ભયાનક હતી કે ગોડાઉનમાં રાખેલો પ્લાસ્ટિક અને લાકડાં સહિતનો મોટા ભાગનો ભંગારનો સામાન સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો. ઉપરાંત ભંગાર રાખવા માટે બનાવવામાં આવેલા પતરાંના પાંચ મોટા શેડ પણ આ ભીષણ આગની ઝપેટમાં આવી જતાં કડડભૂસ થઈને ખાખ થઈ ગયા હતા.

# સીમાડા ખાડી દુર્ઘટનામાં ઈજારદાર મંગલમ બિલ્ડકોનને નોટિસ અપાઈ

**દુકાનની** આગળનો ભાગ ખાડીમાં ધરાશાયી થઈ જતાં કારીગરોનો જીવ માંડ માંડ બચ્યો

તૂટેલી દીવાલ પણ રિપેર કરવા આદેશ, ઈજારદાર પાસે બાંયધરી પણ લખાવી લેવાઈ

સુરતઃ સીમાડા ખાતે ખાડી પર નિર્માણાધીન બ્રિજની કામગીરી દરમિયાન ખાડો પડતાં પાસેની દુકાનના હિસ્સાને ભારે નુકસાન થયું હતું. જેમાં ઈજારદારને નોટીસની સાથે દિવાલ બનાવી આપવા પણ આદેશ કરાયો છે.

સૂત્રો પાસેથી જાણવા મળતી માહિતી અનુસાર શહેરના સીમાડામાં હાલમાં ખાડી પર બ્રિજની કામગીરી પુરજોરમાં ચાલી રહી છે. આ દરમિયાન ગત મોડી સાંજે ખાડીની બાજુમાં આવેલી એન્જલ સિરામિક નામની દુકાન પાસે જ અંદાજે 40 ફૂટ ઊંડો ખાડો કરવામાં આવ્યો હતો. જેને પગલે રોડ ધસી પડ્યો હતો. બાદ દુકાનની દીવાલ અને આગળનો ભાગ પણ ધરાશાયી થઈને ખાડીમાં તૂટી પડ્યો હતો.

અચાનક સર્જાયેલી આ દુર્ઘટનાને પગલે દુકાનમાં કામ કરી રહેલા કારીગરો સહિત મિલકતદારમાં પણ નાસભાગ મચી ગઈ હતી. ઘટના અંગે જાણ થતાં જ મોટી સંખ્યામાં લોકોનાં ટોળાં પણ ઘટના સ્થળે પહોંચ્યાં હતાં. બીજી તરફ ઈજારદારની લાપરવાહીને પગલે પીવાના પાણીની લાઈનને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું. જેને પગલે હાઈડ્રોલિક વિભાગની સાથે સાથે સરથાણા ઝોન અને બ્રિજ સેલના અધિકારીઓ દોડતા થઈ ગયા હતા.

મોડી રાત્રે 2.30 કલાક સુધી કામગીરી હાથ ધરવામાં આવ્યા બાદ એન્જલ સિરામિક નામક દુકાનને વધુ નુકસાન ન પહોંચે એ માટેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી અને સમગ્ર ઘટના માટે જવાબદાર ઈજારદાર મંગલમ બિલ્ડકોન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ.નામક ઈજારદારને મનપાના બ્રિજ સેલ દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. તેમજ તૂટેલી દીવાલ ઇજારદાર દ્વારા બનાવી આપવા પણ બાંયધરી લેવાઇ છે.

## કેસ સુરતમાં ચલાવવાની માંગથી રાજસ્થાનની કોર્ટમાં છૂટાછેડાની કાર્યવાહી અટકી

સુરતઃ એડવોકેટ પ્રિતીબેન જોષી ના જણાવ્યા મુજબ પતિ દ્વારા રાજસ્થાનના પાલી જિલ્લામાં છૂટાછેડા નો દાવો દાખલ કરવામાં આવ્યો હતો. બીજી તરફ, પત્ની દ્વારા સુરતની કોર્ટમાં ઘરેલુ હિંસા સંબંધિત કેસ પણ દાખલ કરવામાં આવ્યો હતો. આ સંજોગોમાં રાજસ્થાનમાં ચાલી રહેલા છૂટાછેડાના કેસને સુરત કોર્ટમાં ટ્રાન્સફર કરવાની માગણી સાથે પત્ની તરફથી સુપ્રીમ કોર્ટમાં ટ્રાન્સફર પિટિશન દાખલ કરવામાં આવી હતી. પત્ની તરફથી એડવોકેટ પ્રીતિ જોશી અને એડવોકેટ રાહુલ ત્રિવેદી દ્વારા આ કેસમાં રજૂઆત કરવામાં આવી રહી છે. અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે રાજસ્થાનની સંબંધિત કોર્ટમાં ચાલી રહેલા છૂટાછેડાના કેસની આગળની કાર્યવાહી પર આગામી તારીખ સુધી રોક લગાવવાનો આદેશ આપ્યો હતો. આ સાથે સુપ્રીમ કોર્ટે સામાપક્ષને નોટિસ પાઠવી આઠ સપ્તાહમાં જવાબ રજૂ કરવા હુકમ કર્યો હતો.

## ધોળેદિવસે બંધ મકાનમાંથી રૂ.૧.૮૦ લાખની ચોરી

સુરતઃ મૂળ અમરેલીના અને હાલ અહીં રહેતા આરતીબેન વોરા ગત ૧૬ ઓક્ટોબરે ઘર બંધ કરી પોતાની ૪ વર્ષની પુત્રીને શાળાએથી લેવા ગયા હતા, તે દરમિયાન તસ્કરોએ કબાટમાંથી ૧,૨૦,૦૦૦ રોકડા અને ૬૦,૦૦૦ ની કિંમતના સોનાના દાગીના મળી કુલ ૧,૮૦,૦૦૦ની મત્તાની ચોરી કરી નાસી છૂટ્યા હતા. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

## ચેક રિટર્ન કેસમાં બિલ્ડરને 1 વર્ષની સજા

સુરતઃ અગાઉ થયેલા કોર્ટ કેસમાં સમાધાન બાદ ચેકો ફરીથી રીટર્ન થતાં આરોપી પ્રફુલ ધંધુકીયાને કોર્ટે 1 વર્ષની કેદની સજા ફટકારી હતી. ફરિયાદી મેહુલ ગલચરે આરોપી પ્રફુલભાઈ ધંધુકીયા પાસેથી ફ્લેટનો સોદો કરી વેચાણ અવેજ પેટે રૂ. 5 લાખ આપ્યા હતા. આરોપીએ ફ્લેટનો કબજો નહીં આપતા આરોપીએ રૂપિયા પરત આપવા ચેક આપ્યા હતા. જે રિટર્ન થતાં ફરિયાદ કરી હતી. જેમાં સમાધાન થતાં આરોપીએ ફરી આપેલા ચેક રિટર્ન થતાં ફરિયાદીએ એડવોકેટ વકીલ ધર્મેશ ગાંધી તથા જીગર રાજપૂત મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી.

## ફોરેક્સટ્રેડિંગનાનામેહરિઓમઈન્વે. ના સંચાલક દ્વારા 20 લાખની ઠગાઈ

**દર** મહિને ૭થી ૮ ટકા નફાની લાલચ આપી મહિલા સાથે વિશ્વાસઘાત કર્યો

**રૂ.૨૦.૮૪** લાખ પરત ન આપી આડોડાઇ કરતાં ભાવીન વાડોદરીયા વિરુદ્ધ ગુનો

સુરતઃ મીની બજાર સ્થિત ડાયમંડ વર્લ્ડમાં 'હરિઓમ ઈન્વેસ્ટમેન્ટ' નામની ઓફિસ ચલાવતા સંચાલકે મહિલાને દર મહિને ૭થી ૮ ટકા નફાની લાલચ આપી કુલ ૨૩ લાખ રૂપિયાનું રોકાણ કરાવી ઠગાઈ કરી હતી.

પાસોદરા વિસ્તારમાં ઓમ ટાઉનશિપ વિભાગ-૧ ખાતે રહેતી જાનવીબેન દિનેશભાઈ પટોલીયા એપ્રિલ-૨૦૨૪થી મીનીબજારના ડાયમંડ વર્લ્ડ ખાતે આવેલી 'હરિઓમ ઈન્વેસ્ટમેન્ટ' નામની ઓફિસમાં નોકરી કરતી હતી. ત્યારે સંચાલક ભાવીન વાડોદરીયાએ જાનવીને ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરવા માટે પ્રલોભન આપી 23 લાખનું રોકાણ કરાવ્યું હતું.

પરંતુ જ્યારે જાનવીએ નાણાં પરત માંગ્યા ત્યારે ભાવીન વાડોદરીયાએ બહાના બતાવવા માંડ્યા હતા. દબાણ વધતાં ટુકડે-ટુકડે માત્ર રૂ.૨,૧૫,૬૫૦ જેટલી જ રકમ પરત આપી હતી અને બાકીના રૂ.૨૦,૮૪,૩૫૦ થોડા દિવસમાં આપી દેવાનું જણાવ્યું હતું.

પરંતુ તે પરત નહીં આપી હાથ અદ્ધર કરી દેતાં આખરે જાનવીએ તેની સામે અશ્વિનીકુમાર પોલીસમાં ગુનો નોંધાવ્યો હતો. વધુ તપાસ પોલીસ કરી રહી છે.

# મહેશ્વરી વિદ્યાપીઠમાં શિફ્ટના સમય મુદ્દે વાલીઓમાં અસંતોષ

**સવારે** શિફ્ટ શરૂ કરવાની જાહેરાત બાદ પ્રવેશ પ્રક્રિયા સ્થગિત, જૂના વિદ્યાર્થીઓને પણ તક આપવા વાલીઓની માંગ



### વાલીઓના વિરોધ બાદ નિર્ણય સ્થગિત કરાયો

બીજી તરફ સ્કૂલ મેનેજમેન્ટે જાહેર કરેલી નોટિસ મુજબ કેટલીક વહીવટી સમસ્યાઓને કારણે શૈક્ષણિક વર્ષ 2027-28 માટે ધોરણ-1થી 5ની સવારે શિફ્ટ અને ધોરણ-6થી 9ની બપોરની શિફ્ટની પ્રવેશ પ્રક્રિયા કામચલાઉ ધોરણે સ્થગિત કરવાનો નિર્ણય લેવાયો છે. સ્કૂલ અગાઉ જાહેર કરાયેલા સમયપત્રક મુજબ જ ચાલુ રહેશે તેમ પણ જણાવાયું છે.

સુરતઃ ડુમસ રોડ પર આવેલી મહેશ્વરી વિદ્યાપીઠ સ્કૂલમાં શૈક્ષણિક વર્ષ 2027-28 માટે શિફ્ટના સમય અને પ્રવેશ પ્રક્રિયાને લઈને વાલીઓમાં અસંતોષ જોવા મળ્યો હતો.

સ્કૂલ દ્વારા ધો.1થી 5 માટે સવારે 7:15થી બપોરે 12:15 વાગ્યા સુધીની શિફ્ટ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, આ સુવિધા માત્ર નવા પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ માટે જ ઉપલબ્ધ રહેવાની અને હાલના વિદ્યાર્થીઓએ બપોરની શિફ્ટમાં જ અભ્યાસ ચાલુ રાખવાનો હોવાની સમજને પગલે વાલીઓએ જૂના વિદ્યાર્થીઓને પણ સવારે શિફ્ટમાં જવાની તક આપવા માંગ કરી છે. વાલીઓના જણાવ્યા મુજબ જ્યારે તેમણે પોતાનાં બાળકોને સ્કૂલમાં પ્રવેશ અપાવ્યો હતો ત્યારે સવારે શિફ્ટની સુવિધા ઉપલબ્ધ નહોતી. તેથી બપોરની શિફ્ટમાં પ્રવેશ લેવો પડ્યો હતો. હવે નવા માટે સવારે શિફ્ટ શરૂ કરવામાં આવે તો જૂના વિદ્યાર્થીઓને પણ તેનો લાભ મળવો જોઈએ.

# નવી સિવિલના દર્દીઓને બાયોકેમ લેબના રિપોર્ટ વોટ્સએપ પર મળશે

**રોજના** 600થી 700 દર્દીઓને લાભ, રિપોર્ટ લેવા હોસ્પિટલના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં બાયોકેમિસ્ટ્રી લેબોરેટરીના રિપોર્ટ પણ દર્દીઓને સીધા તેમના વોટ્સએપ નંબર પર મળી શકશે.

અગાઉ પેથોલોજી અને માઈક્રોબાયોલોજી વિભાગના રિપોર્ટ વોટ્સએપ પર મોકલવાની સુવિધા શરૂ કરાઈ હતી. આ સુવિધાથી દરરોજ સરેરાશ 600થી 700 દર્દીઓને સીધો લાભ મળશે.

નવી સિવિલ હોસ્પિટલનાં તબીબી અધિક્ષક ડો.પારુલ વડગામા, બાયોકેમિસ્ટ્રી વિભાગના વડા ડો.એસ. એમ.પટેલ અને આરએમઓ ડો.લક્ષ્મણ તહેલાણીના સહયોગથી શરૂ કરાયેલી આ સુવિધામાં હવે દર્દીઓ હોસ્પિટલમાં કેસ અથવા લેબોરેટરીનું રજિસ્ટ્રેશન કરાવે ત્યારે પોતાનો કાર્યરત વોટ્સએપ નંબર નોંધાવશે. તપાસ પૂર્ણ થયા બાદ તૈયાર થયેલો રિપોર્ટ પીડીએફ સ્વરૂપે સીધો તેમના મોબાઈલ પર મોકલી આપવામાં આવશે.

બાયોકેમિસ્ટ્રી લેબોરેટરીમાં કિડની ફંક્શન ટેસ્ટ, લિવર ફંક્શન ટેસ્ટ, ઈલેક્ટ્રોલાઈટ્સ ટેસ્ટ, લિપિડ પ્રોફાઈલ, બ્લડ સુગર પ્રોફાઈલ, ઈમ્યુનો ટેસ્ટ અને લોહતત્ત્વ સહિતના મહત્ત્વનાં પરીક્ષણો કરવામાં આવે છે.

આ તમામ પરીક્ષણોના રિપોર્ટ મોબાઈલ પર ઉપલબ્ધ થવાથી દર્દીઓ અને તેમના પરિવારજનોનો સમય તથા આવવા-જવાનો ખર્ચ બચશે.

# CM દ્વારા રવિવારે 410 કરોડથી વધુના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

**પાલ** સ્થિત સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે સમારોહ યોજાશે

**મનપાના** 226 કરોડ, સુડાના 144 કરોડ અને કલેક્ટર તંત્રનાં વિકાસ કાર્યો જોડાશે

સુરતઃ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી રવિવારે 25 ઓક્ટોબરના રોજ સુરતના મહેમાન બનવા જઈ રહ્યા છે. મુખ્યમંત્રી ઈસ્કોન મંદિર સંબંધિત સંસ્થાના એક વિશેષ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે સુરત આવી રહ્યા છે અને આ જ મુલાકાત દરમિયાન તેમના હસ્તે સુરત શહેર તથા જિલ્લાના રૂ.410 કરોડના માતબર ખર્ચવાળા વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાશે.

મુખ્યમંત્રીની વિશેષ ઉપસ્થિતિમાં રવિવારે સવારે 10 વાગ્યે પાલ સ્થિત સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે આ કાર્યક્રમ યોજાશે, જેમાં સુરત મહાનગરપાલિકા તંત્રના રૂ.226 કરોડ, સુરત શહેરી વિકાસ સત્તા મંડળ (સુડા)ના રૂ.144 કરોડ અને કલેક્ટર તંત્રના રૂ.40 કરોડનાં વિકાસ કાર્યોને સામેલ કરવામાં આવ્યાં છે.

રવિવારના રોજ યોજાનારી મુખ્યમંત્રીની આ સુરત મુલાકાતને લઈને વહીવટી તંત્ર સંપૂર્ણપણે સક્રિય થઈ ગયું છે અને છેલ્લા ત્રણ દિવસથી ઉપરાછાપરી બેઠકો યોજીને આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ખાસ કરીને સુરત મહાનગરપાલિકાનાં મહત્તમ કામોનો સમાવેશ કરાયો હોવાથી વિવિધ પ્રકલ્પોને સામેલ કરવા બાબતે વહીવટી તંત્ર દ્વારા ઊંડું મંથન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત આ કાર્યક્રમમાં મહાનગરપાલિકા તંત્રના રૂ.226.16 કરોડના કુલ 45 પ્રકલ્પો સામેલ કરવામાં આવ્યા છે,

જેમાં રૂ. 211.99 કરોડના 35 પ્રકલ્પોનું લોકાર્પણ અને રૂ.34.09 કરોડના 10 પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. ઉપરાંત સુરત શહેરી વિકાસ સત્તા મંડળ (સુડા)ના રૂ.144.22 કરોડના પ્રોજેક્ટ્સનું ખાતમૂહર્ત તથા જિલ્લા વહીવટી તંત્રના રૂ.19.58 કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને રૂ.20.41 કરોડના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત સંપન્ન થશે.

### ટેન્ડર પ્રસિદ્ધ થાય એ પૂર્વે જ રાજ્ય સરકાર દ્વારા નાણાં ફાળવાયા

# ખાડી ડ્રેજિંગ માટે 31 કરોડની ગ્રાન્ટ મંજૂર

**મીઠી** ખાડીમાંથી કાંપ અને સેડીમેન્ટ દૂર કરી પાણી વહન કરવાની ક્ષમતા વધારવા તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે આયોજન

સુરતઃ ગત જુલાઈ માસમાં ત્રણ-ત્રણ વખત ખાડીપૂરની ગંભીર સ્થિતિ સર્જાતા મહાનગરપાલિકા તંત્રની કામગીરી સામે સવાલો ઊઠ્યા હતા અને અસરગ્રસ્ત લોકોની વેદના તથા રોષના પડઘા રાજ્ય સ્તર સુધી પહોંચ્યા હતા.

આ પરિસ્થિતિ બાદ ખાડીપૂર નિવારણ સમિતિની રચના કરવામાં આવી હતી અને ઉપરાછાપરી બેઠકોની વણઝાર વચ્ચે વહીવટી તંત્રમાં કામગીરી માટે વિશેષ કટિબદ્ધતા અને ઝડપ જોવા મળી રહી છે. જેના ભાગરૂપે મીઠી ખાડીને ઊંડી કરવાના આયોજનના અંતર્ગત હજુ સત્તાવાર રીતે ટેન્ડર પ્રસિદ્ધ થાય તે પહેલા જ રાજ્ય સરકાર દ્વારા આ પ્રોજેક્ટ માટે રૂ.31 કરોડથી વધુની માતબર ગ્રાન્ટ મંજૂર કરી દેવામાં આવી છે. બીજી બાજુ ખાડીને ઊંડી કરવાની આ મહત્ત્વપૂર્ણ કામગીરી માટે આગામી શુક્રવારે સત્તાવાર ટેન્ડર પ્રસિદ્ધ થવાની પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં મીઠી ખાડીના 13 કિલોમીટર જેટલા લાંબા વિસ્તારમાં 3થી 4 ફૂટ સુધીનું ડ્રેજિંગ કરવા ઉપરાંત, નીકળતો કાંપ બહાર ખસેડવા અને તેના સુરક્ષિત પરિવહન સહિતની કામગીરી કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો હતો. ટૂંકા ગાળાના આયોજન અંતર્ગત ખાડી ડ્રેજિંગની આ કામગીરી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. છેલ્લા એક અઠવાડિયાથી ચાલી રહેલી ટેન્ડર પ્રક્રિયાની ભાગદોડ વચ્ચે રાજ્ય સરકારે ગુજરાત શહેરી વિકાસ મિશન હેઠળ રૂ.24.82 કરોડના મૂળ કામ તેમજ GST અને ટ્રાન્સપોર્ટેશનના ખર્ચ સહિત કુલ રૂ.31.37 કરોડની ગ્રાન્ટ મંજૂર કરી છે.

ફાળવવામાં આવેલી આ ગ્રાન્ટના માધ્યમથી મીઠી ખાડીમાંથી જમા થયેલો કાંપ અને સેડીમેન્ટ મોટા પાયે દૂર કરવામાં આવશે, તેમજ નદી કે ખાડીના પ્રવાહમાં અવરોધરૂપ બનતા કાદવ, નકામા પદાર્થો અને કાટમાળને હટાવાશે. આ ખોદાણ અને સફાઈ કામગીરીના પરિણામે ખાડીની પાણી વહન કરવાની ક્ષમતામાં મોટો વધારો થશે અને ભવિષ્યમાં પૂર જેવી પરિસ્થિતિને ટાળવામાં ઘણી મદદ મળશે.






# ઉનની ઈમરાન મુંડી ગેંગના 8 સામે ગુજસીટોક, છ ઝડપાયા

**કોર્ટના** વોરન્ટ બાદ 3 જામીનમુક્ત આરોપી ફરી જેલભેગા

સુરતઃ ભેસ્તાન પોલીસ હદ વિસ્તારમાં સક્રિય 'ઈમરાન ઉર્ફે મુડી' ગેંગના 8 સભ્ય સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ગુનામાં હાલ 6 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે અન્ય એક સાબીરની જેલમાંથી ટ્રાન્સફર વોરંટ બાદ ધરપકડ કરાશે. જ્યારે શાહરૂખ ઉર્ફે બબડિયા ફરાર હોવાથી તેની શોધ કરાઈ રહી છે.

### કોની કોની સામે ગુજસીટોક નોંધાયો?

1. ઇમરાન ઉર્ફે મુડી શાહબુદ્દીન ઉસ્માની (રહે.,સોયેબનગર, મદીના મસ્જિદ પાસે, ઉન પાટિયા)
2. વાહીદ જાઝીદ હસન શેખ (રહે., સાંઇનગર ઝૂંપડપટ્ટી, શાલીમાર, ઉન પાટિયા)
3. સાબીર ઉર્ફે ગોલ્ડન મોઈસ શેખ (રહે.,ગોલ્ડન આવાસ)
4. મહેફુઝ ઉર્ફે ફોડી કલામુદ્દીન હાશ્મી શેખ (રહે.,ઉન પાટિયા, મૂળ વતન-બુલવા, થાણા-બડાગાંવ, જિ.વારાણસી, ઉત્તર પ્રદેશ)
5. મોહમદ સાહિલ ઉર્ફે માસુમ અંસારી (ઉં.વ.19) (રહે., તિરુપતિનગર, ઉન પાટિયા, જીઆઈડીસી, મૂળ-ઉત્તર પ્રદેશ)
6. અફઝલ ઉર્ફે નીપલ કમાલુદ્દીન હાશ્મી (રહે.,તિરુપતિનગર, ઉન પાટિયા, મૂળ-બિહાર)
7. શાહરૂખ ઉર્ફે બબડિયા ફારૂક ખાન (ઉં.વ.20) (રહે.,આશાનગર, માલેગાંવ, જિ.નાશિક)
8. તોહેબ ઉર્ફે જુનૈદ સલીમભાઈ શેખ (રહે.,પાલ જુમેરા સોસાયટી, ઇકલેરા ગામ)

# મિલકતવેરાની આવક વધારવા મિલકતોનું હવે જીપીએસ દ્વારા ડિજિટલ વેરિફિકેશન

**૨૯ લાખ** મિલકત પૈકી પ્રથમ તબક્કામાં છેલ્લાં પાંચ વર્ષમાં નોંધાયેલી 12 લાખ મિલકત રડારમાં

### 'વન ક્લિક' પર હેતુફેર પકડાશે અને ટેક્સ રિવાઇઝ થશે

ઘણા કિસ્સાઓમાં મિલકતધારકો રહેણાક હેતુ માટે પ્લાન મંજૂર કરાવીને સ્થળ પર કોમર્શિયલ કે અન્ય હેતુ માટે તેનો ઉપયોગ કરતા હોય છે, જેનાથી મનપાને કરોડો રૂપિયાના વેરાનું નુકસાન થાય છે. આ નવી ડિજિટલ એપ્લિકેશનમાં છેલ્લાં પાંચ વર્ષના મંજૂર પ્લાન અને દસ્તાવેજો અપલોડ કરાયા છે. સર્વેયર સ્થળ પર જઈને જીપીએસ લોકેશન સાથે 'વન ક્લિક' પર જ જે-તે મિલકતના વાસ્તવિક ઉપયોગના આધારે આકારણીમાં સુધારો કરી શકશે.

### બીજા તબક્કામાં ગેરકાયદે મિલકતો પણ કવર થશે

આ પ્રોજેક્ટના બીજા તબક્કામાં મનપાની કોઈ પણ જાતની વિકાસ પરવાનગી વગર તાણી દેવાયેલી અને વપરાશ હેઠળની મિલકતોને પણ આ ડિજિટલ સિસ્ટમમાં આવરી લેવાશે. વાસ્તવિક ઉપયોગ મુજબ નિર્ધારિત ભારાંક લગાડીને ટેક્સ વસૂલવામાં આવનાર હોવાથી સુરત મનપાની મિલકતવેરાની આવકમાં તોતિંગ વધારો થવાની સંભાવના છે.

સુરતઃ મિલકતવેરાની વસૂલાતને વધુ સચોટ અને સ્માર્ટ બનાવવા માટે મનપા કમિશનર બેનીવાલે હવે પરંપરાગત ઓફલાઈન વોર્ડ રિવિઝન પ્રક્રિયાના બદલે જીપીએસ (GPS) ટેક્નોલોજી આધારિત સ્પેશિયલ ડિજિટલ એપ્લિકેશન દ્વારા શહેરની તમામ મિલકતોનું ક્રોસ વેરિફિકેશન કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે.

આગામી ૧ નવેમ્બરથી આકારણી વિભાગ દ્વારા આ આધુનિક ઝુંબેશ શરૂ કરવામાં આવશે. મનપાના આકારણી રેકોર્ડ પર હાલમાં કુલ ૨૯ લાખ મિલકત નોંધાયેલી છે. પ્રથમ તબક્કા હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં સેન્ટ્રલ ટીડીઓ (TDO) અને વિવિધ ઝોનમાંથી વિકાસ પરવાનગી તેમજ બીયુસી (BUC) મેળવનારી અંદાજિત ૧૦થી ૧૨ લાખ રહેણાક અને કોમર્શિયલ મિલકતોનું ડિજિટલી ક્રોસ વેરિફિકેશન હાથ ધરાશે. આ માટે સેન્ટ્રલ આકરણી વિભાગ અને ઝોનના સ્ટાફને ટેક્નિકલ તાલીમ આપવામાં આવશે.


